

તુલસી વિવાહ : ભારતીય સંસ્કૃતિમાં તુલસી વિવાહનો મહિમા વધુ છે. દેવ ઉઠી અગિયારસથી પૂનમ સુધીના પાંચ દિવસમાં તુલસી વિવાહ યોજાય છે. તુલસી વિવાહ બાદ લગ્નની મોસમ આરંભાય છે. ગાંધીનગરના પંચદેવ મંદિરમાં રવિવારે ભારે ધામધૂમથી તુલસી વિવાહ યોજાયા હતા. ભાવપૂર્ણ વાતાવરણમાં ભગવાન નારાયણ સાથે તુલસીના વિવાહ યોજાયા હતા. ભાવિકો મોટી સંખ્યામાં લગ્નોત્સવમાં જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

# જિલ્લાના તમામ ઈન્ચાર્જ પી.આઈ.ને સવાર-સાંજ ચેકીંગમાં નીકળવા આદેશ

## દર મહિને દરેક થાણા ઈન્ચાર્જની કામગીરીની ડીએસપી સમીક્ષા કરીને ગ્રેડ આપશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ.એ હવેથી જાતે રૂબરૂ સવાર-સાંજ બબ્બે સમયે ચેકીંગમાં નીકળવા ડીએસપી શરદ સિંઘલે આદેશ કર્યો છે તે ઉપરાંત દરેક થાણા ઈન્ચાર્જની એવરેજ કામગીરી દર મહિને ડીએસપી સરખાવશે અને સમીક્ષા કરીને તેને આધારે ગ્રેડીંગ આપવામાં આવશે. કામગીરીમાં નબળા જણાતા થાણા ઈન્ચાર્જના પણ દર મહિને જવાબો લેવામાં આવશે.

ગાંધીનગર ડીએસપી કચેરીએ ગઈ સાંજે જિલ્લાના પોલીસમથકોના ઈન્ચાર્જ અધિકારીઓ સાથે ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રીની સુરક્ષા અને સલામતીની બાબતે જરૂરી કામગીરી કરવા પર ભાર મુક્યા બાદ પેન્ડીંગ ગુનાઓના નિકાલ પર ભાર મુકવામાં આવ્યો હતો.

ઉપરાંત જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ અધિકારીઓની કામગીરી અંગે દર મહિને સમીક્ષા કરી ગ્રેડીંગ આપવામાં આવશે તેમ ડીએસપીએ જણાવીને અધિકારીઓને નબળી કામગીરી કરનાર પાસેથી જવાબ લેવાશે તેવી સૂચના આપી હતી. દરેક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ.એ જાતે સવાર-સાંજ ચેકીંગ કામગીરી માટે રોડ પર ઉતરવા કડક આદેશ પણ એસ.પી. શરદ સિંઘલ દ્વારા તમામ અમલદારોને ક્રાઈમ કોન્ફરન્સમાં આપી દેવામાં આવ્યો હતો.

# મહાત્મા મંદિરની સામેના ગાર્ડન પાસે એડ્ ફિલ્મનું શુટીંગ જોવા ભીડ

## પહેલીવાર મહાત્મા મંદિર બન્યું શુટીંગનું સ્થળ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના મહાત્મા મંદિર સામે આવેલા સેન્ટ્રલ વિસ્ટા પાર્કની બાજુમાં આવેલ સર્વિસ રોડ પર આજે



(તસવીર : કશ્યપ નિમાવત)

સવારે ૭ વાગ્યાથી એક એડ્ ફિલ્મનું શુટીંગ ચાલુ થતા શુટીંગ જોવા માટે લોકોની ભીડ ઉમટી પડી હતી. મુંબઈની એક ફિલ્મ કંપની દ્વારા અહીં એક ઓઈલ કંપનીની જાહેરાત ફિલ્માવવામાં આવી હતી.

મહાત્મા મંદિર અને ત્યાંથી વિધાનસભા સુધી ફેલાયેલા સેન્ટ્રલ વિસ્ટા પાર્કની સુવાસ મુંબઈ સુધી ફેલાવા પામી છે. આથી મુંબઈની એક એડ્ ફિલ્મ બનાવતી કંપનીને તેને મળેલી ઓઈલ કંપનીની પ્રોડક્ટ બાઈક માટેના ઓઈલ અંગેની જાહેરાત માટે આ સ્થળ આદર્શ સ્થળ લાગ્યું હતું. વડોદરાની મોડલીંગ કલાકારોની કાસ્ટ સાથે આ કંપનીએ અહીં વહેલી સવારે જ શુટીંગ કરવાની શરૂઆત કરી હતી. આ શુટીંગમાં ભરચક બજાર વિસ્તારમાં બે મધ્યમ વર્ગીય બાઈક સવારોનું દશ્ય હોવાથી આબેહૂબ માહોલ ઉભો કરવા સેક્ટર-૨૪ ચાર રસ્તે ઉભા રહેતા રિક્ષાચાલકો, વાન ચાલકો તેમજ ખાણીપીણીની લારીઓ જેવી કે પાણીપુરી, દાબેલી, ભેળ, વડાપાઉ અને ચોળાફળીના ધંધાર્થીઓને પણ આખા દિવસનું નિયત કરેલ મહેનતાણુ આપીને ઉભા રખાયા હતા. આથી આ વેપારીઓને રજાના દિવસે વગર ધંધે કમાણી કરવાની પણ તક સાંપડી હતી.

ગાંધીનગરમાં પહેલી વાર મુંબઈની કંપનીએ શુટીંગ કરતા લોકોમાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. અને આ શુંટીંગ જોવા લોકો મોટી સંખ્યામાં બને તરફ કતારો લગાવી ઉભા રહી ગયા હતા. ફેન દ્વારા ઉપર નીચે થતો કેમેરો અને ટ્રોલી પર ફિક્સ કરવામાં આવેલી બાઈકો પરના દશ્યોએ લોકોમાં અનોખુ કૌતુક જગાવ્યું હતું.





(તસવીર : દિપક જાની)

બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય : ગાંધીનગરમાં બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલયની વધુ એક શાખા સેક્ટર-૨૬ ખાતે આરંભાઈ હતી. શાંતિ અને યોગની વિચારધારાના પ્રચાર માટે સતત કાર્યરત રહેતી બ્રહ્માકુમારી વિદ્યાલય સમાજને નવો સંદેશ આપે છે. ગાંધીનગરના જનજીવનમાં બ્રહ્માકુમારી વિદ્યાલયનું અનોખું સ્થાન છે. સેક્ટર-૨૬ ખાતે નગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મહાનગર ભાજપના પ્રમુખ નીતિનભાઈ પટેલ અને બ્રહ્માકુમારી વિદ્યાલયના પ્રાંત પદાધિકારીઓ દ્વારા દિપ પ્રાગટ્ય કરાયું હતું.

# ગાંધીનગરમાં પાંચ મહિનામાં ૧૧ હજાર તાવનાં કેસ

## પાંચ માસમાં ૪૨૧ મેલેરીયાનાં અને ૨૬ ઝેરી મેલેરીયાના દર્દીઓએ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન તાવ અને મેલેરીયાના દર્દીઓથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ છલકાઈ હતી. છેલ્લા પાંચ મહિનામાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૧ હજાર જેટલા તાવમાં સપડાયેલા લોકોએ સારવાર લીધી હતી તે ઉપરાંત મેલેરીયાના ૪૨૧ અને ઝેરી મેલેરીયાનાં ૨૬ દર્દીઓએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર છેલ્લા પાંચ મહિનામાં લીધી છે.

ગાંધીનગરમાં જુલાઈ અને સપ્ટેમ્બર માસમાં સૌથી વધુ તાવના દર્દીઓ નોંધાયા હતા. જુલાઈમાં ૨૮૨૪ દર્દીઓ અને સપ્ટેમ્બરમાં ૨૯૯૨ દર્દીઓએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી તે ઉપરાંત જુનમાં ૯૧૫, ઓગષ્ટમાં ૧૯૫૭ અને ઓકટોબરમાં ૧૯૦૩ તાવના દર્દીઓ નોંધાયા હતા. તે ઉપરાંત જુલાઈ અને ઓગષ્ટ માસમાં મેલેરીયાના હાઈએસ્ટ દર્દીઓ નોંધાયા હતા. જુલાઈમાં ૧૧૬ અને ઓગષ્ટમાં ૧૩૮ લોકો મેલેરીયામાં સપડાયા હતા. તે ઉપરાંત જુનમાં ૫૦, સપ્ટેમ્બરમાં ૮૫ અને ઓક્ટોબરમાં ઘટીને ૩૨ દર્દીઓને મેલેરીયા પોઝીટીવ આવ્યો હતો. છેલ્લા ચાર માસમાં ઝેરી મેલેરીયાએ પણ ગાંધીનગરમાં માથુ ઉંચક્યું છે. એપ્રીલ, મે, અને જૂન માસમાં ઝેરી મેલેરીયાના એક પણ દર્દી નોંધાયા ન હતા. જે જુલાઈમાં ૨, ઓગષ્ટમાં વધીને ૭, સપ્ટેમ્બરમાં ૯ અને ઓક્ટોબરમાં ૮ લોકો ઝેરી મેલેરીયામાં સપડાયા હતા. ચાર માસમાં ૨૬ લોકોએ ઝેરી મેલેરીયાની સારવાર લીધી હતી.

# ત્રણ હજાર પરિવારજનોની હાજરીમાં ગાંધીનગરમાં વણકર સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

શ્રી ગાંધીનગર વણકર સમાજ દ્વારા આયોજીત નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ તા. ૧૪ નવેમ્બરના રોજ સે. ૨૨ રંગમંચ ખાતે સમાજના ૩૦૦૦ સભ્યોની હાજરીમાં યોજાઈ ગયો.

સ્નેહમિલન સમારોહમાં મોટી સંખ્યામાં વણકર પરિવારજનો ઉપસ્થિત રહી એકતાની મશાલ ઉભી કરી હતી. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી શંકરલાલ ચાવડા અને સમાજના અન્ય હોદ્દેદારો દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના સભ્યોની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીનો સંદેશ મૂળજીભાઈ પરમાર 'દધિ'એ વાંચ્યા બાદ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો.

સ્નેહમિલન કાર્યક્રમમાં પ્રમુખ પી.જે. પરમાર દ્વારા ગાંધીનગર ખાતે વણકર ભવન બનાવવા માટે રાહત દરે જમીન ફાળવવાની કરેલ માગણી આજદિન સુધી સંતોષાયેલ ન હોઈ તા. ૨૪ નવેમ્બરના રોજ રાજ્યવ્યાપી ઉપવાસ આંદોલન ગાંધીનગર ખાતે કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે સમાજના ઈશ્વરભાઈ મકવાણા-પૂર્વમંત્રી, કે.બી. સોલંકી-પૂર્વમંત્રી, શૈલેષભાઈ પરમાર-ધારાસભ્ય, ડૉ. રાજન પ્રિયદર્શી - નિવૃત્ત એડી.ડી.જી.પી.,વિનુભાઈ પરમાર-મુખ્યદાતા, ખીમજીભાઈ સિંઘવ-સુરેન્દ્રનગર, એમ.વી. ડાભી-આણંદ, પી.આર. અઢિયોલ-ચાંદખેડાએ પોતાના વકતવ્યો આપ્યા હતા અને સમાજને ઉપવાસ આંદોલનમાં સહકાર આપવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા કરવામાં આવ્યું હતું. અને આવેલ મહાનુભાવોની આભારવિધિ મહામંત્રી મુકેશભાઈ ભાખરિયાએ કરી હતી.



# દેવદિવાળી અને ગુરૂનાનક જયંતિની ઉજવણી કરાઈ

અમદાવાદ,તા. ૧૭

અમદાવાદ શહેરમાં દેવદિવાળી પર્વની આજે પરંપરાગત રીતે ફટકાડાઓ ફોડીને ઉજવણી કરવામાં આવી હતી. સાંજ પડતાની સાથે જ નાના બાળકો ફટાકડા ફોડવામાં વ્યસ્ત બન્યા હતા. દેવદિવાળી પર્વની સાથે આજે દિવાળીના તહેવારોની પૂર્ણાહુતિ થઈ હતી. જાણકાર લોકોના કહેવા મુજબ ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ઓછા પ્રમાણમાં ફટાકડા, મિઠાઈઓ અને વાહનોનું વેચાણ થયું હતું. આના માટે ઘણા કારણો જવાબદાર રહ્યા હતા. જે પૈકી મોંઘવારીનું કારણ પણ મુખ્ય રીતે જવાબદાર રહ્યું હતું. ઉંચા વ્યાજદર અને મંદીના કારણે વાહનોના વેચાણમાં ઘટાડો થયો હતો. બીજી બાજુ મિઠાઈઓ બનાવવામાં ઉપયોગી ચીજવસ્તુઓની કિંમત વધતા તેમાં પણ તીવ્ર વધારો થયો હતો. દેવદિવાળી પર્વની સાથે શીખ સમુદાયના લોકોએ ગુરુનાનક જયંતિની ઉજવણી પણ કરી હતી.

ગુરૂનાનકની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે શીખ સમુદાયના લોકો એકત્રિત થયા હતા. શીખ ધર્મમાં સૌથી મોટા તહેવાર તરીકે આને ગણવામાં આવે છે. પ્રથમ શીખ ગુરૂના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂનાનક શીખ ધર્મના સ્થાપક હતા.

# ગાંધીનગર શહેર પેન્શનર સમાજનો સ્નેહમિલન સંમેલન યોજાયું

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજનો નવા વર્ષને આવકારવા અને નૂતન વર્ષ પેન્સનર્સ સમાજના સભ્યોનું પ્રગતિમય થાય તેવા સંદેશ સાથે સંમેલન યોજવામાં આવ્યું હતું.

શહેર પેન્સનર્સ સમાજનો સ્નેહમિલન સમારંભ ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. જેમાં વર્ષ ૨૦૭૦નું વર્ષ પેન્સનર્સ સમાજ અને કુટુંબના સભ્યોનું મંગલમય નિવડે તેવા શુભેચ્છા સંદેશાની આપ-લે કરવામાં આવી હતી. આ પ્રસંગે ડાહ્યાભાઈ પ્રજાપતિ, એસ.ડી. મલીક, કે.બી. વ્યાસ તેમજ સમાજના પદાધિકારીઓ અને કારોબારી સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૮
સૂર્યાસ્ત : ૫.૫૫

## તાપમાન

મહત્તમ : ૨૯.૬ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૧૦, ૧૨.૧૦, ૬.૪૦, ૯.૫૫
થૉર ધ ડાર્ક વલ્ડ : ૩.૨૫
: સ્ક્રીન-૨ :
ક્રિશ-૩ : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૪૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૩ :
રામલીલા : ૯.૫૫, ૧૨.૫૫, ૪.૧૦, ૭.૨૫, ૧૦.૪૦
: સ્ક્રીન-૪ :
રામલીલા : ૮.૨૫, ૧૧.૨૫, ૨.૪૦, ૫.૫૫, ૯.૧૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ક્રિશ-૩ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
રજ્જો : ૧૦.૩૦, ૧૦.૩૦
રામલીલા : ૪.૦૦
ક્રિશ-૩ : ૧.૩૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

## આપની આજ

**મેષ** : આજે ધન લાભ થવાની શક્યતા છે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર- વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. બળદેવજી રવાજી ઠાકોર (ઉ.વ. ૪૬) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.